પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૪ | ૨૧ માર્ચ, ૨૦૧૮, બુધવાર ; ચૈત્ર સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ઈરાકમાં ૩૯ ભારતીય બંધકોની હત્યા

**ઈરાકમાં અપહરણ થયેલ ૩૯ ભારતીયોની આઈએસઆઈએસે હત્યા કરી : સુષ્મા સ્વરાજવિદેશપ્રધાને રાજ્યસભામાં માહિતી આપી, તમામ મૃતદેહોના ડીએનએ ટેસ્ટ સાબિત થયા : રાજ્યસભામાં વિદેશ મંત્રીના ખુલાસા બાદ સંસદમાં મૌન પાળી તમામ મૃતકને શ્રદ્ધાંજલી અર્પણ કરી, મૃતકોના નશ્વર અવશેષોને પાછા લાવવા જનરલ વીકે સિંહ ઇરાકમાં જશે : ૨૦૧૪માં અપહરણ થયેલ, પર્વત ખોદીને મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા, ઇરાકી સરકારનો આભાર માન્યો, ૩ વર્ષ સુધી તપાસ ચાલી, મૃતકોમાં ૩૧ લોકો હિમાચલ - પંજાબના, અન્ય બંગાળના છે**

નવીદિલ્હી, તા. ૨૦

વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે



ઈરાકમાં લાપત્તા થયેલા ૩૯ ભારતીયોના મોત અંગે વાત કરતા આઘાતનું મોજુ ફરી વળ્યું છે. ૩૯ ભારતીયોના મોતના અહેવાલને આજે સમર્થન આપી દેવામાં આવ્યું હતું. આ લોકોના મોતના સમર્થન બાદ ઉઠી રહેલા પ્રશ્નો અંગે વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે પત્રકાર પરિષદ યોજીને પ્રશ્નોના જવાબ આપ્યા હતા. સુષ્મા સ્વરાજે લોકસભામાં આની સાથે જોડાયેલા પોતાના નિવેદન વેળા વિપક્ષી સભ્યો અને ખાસ કરીને કોંગ્રેસના ધાંધલ ધમાલને હળવી કક્ષાની રાજનીતિ તરીકે ગણાવી હતી. તેઓએ વિપક્ષની સંવેદનહિનતા માટે કોંગ્રેસ માટે પ્રહારો કર્યા હતા. સુષ્મા સ્વરાજે લાપત્તા ભારતીયોના સંદર્ભમાં દેશને અંધારામાં રાખવા અને મોડેથી આક્ષેપોનો જવાબ આપવા બદલ સરકાર ઉપર પ્રહારો કર્યા હતા. વિપક્ષના પ્રહાર બાદ સુષ્મા સ્વરાજે આના જવાબ આપ્યા હતા. તેમણે કહ્યું હતું કે, ૩૯ પૈકી ૩૮ મૃતદેહનો લાવવા માટે વિદેશ રાજ્યમંત્રી જનરલ વીકે સિંહ ઈરાક જશે. ૩૯ ભારતીયોના મોતને લઈને ધાંધલ ધમાલનો દોર જારી રહ્યો હતો. કોંગ્રેસ અધ્યક્ષે પણ પ્રહારો કર્યા હતા.

સુષ્માએ કહ્યું હતું કે, કોંગ્રેસના લોકો હળવી રાજનીતિ રમી રહ્યા છે. મોત પર રાજનીતિ કમનસીબ છે. રાજ્યસભામાં દરેક વ્યક્તિએ તેમની વાતને ગંભીરતાપૂર્વક સાંભળી હતી. દરેક વ્યક્તિએ શ્રદ્ધાંજલિ આપી હતી. લોકસભામાં પણ આવું થશે તેમ તેઓ માની રહ્યા હતા પરંતુ આજે કોંગ્રેસના જ્યોતિરાદિત્ય સિંધિયાના નેતૃત્વમાં કોંગ્રેસે હોબાળો મચાવ્યો હતો. સુષ્મા સ્વરાજ આજે લોકસભામાં ઈરાકમાં માર્યા ગયેલા ૩૯ ભારતીયોના મોત અંગે માહિતી આપી રહ્યા હતા ત્યારે વિપક્ષે ધાંધલ ધમાલ કરીને સ્થિતિને વધારે બગાડી હતી. વિપક્ષની ધાંધલ ધમાલથી સ્પીકર પણ દુખી દેખાયા હતા. તેઓએ સંવેદનશીલતા જાળવવા અપીલ કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## ઈરાકમાં ભારતીયોના મોત બાદ પરિવારો ભાંગી પડ્યા





નવીદિલ્હી, તા. ૨૦

વિદેશમંત્રી સુષ્મા સ્વરાજના ઈરાકના મોસુલમાં ૩૯ ભારતીયોના મોતના અહેવાલને સમર્થન બાદ પરિવારોની છેલ્લી આશા પણ તુટી ગઈ છે. ભારતીયો આજે ભાંગી પડ્યા હતા. જે ભારતીયોના મોત થયા છે તેમના પરિવારમાં આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. તમામ પરિવારના સભ્યો છેલ્લા ત્રણ વર્ષથી સારા સમાચારની આશામાં હતા. ૩૯ પરિવારોમાં આજે વિદેશમંત્રીના નિવેદનથી સન્નાટો ફેલાઈ ગયો હતો. ઈરાકમાં માર્યા ગયેલા એક ભારતીયના સંબંધીએ મિડિયા સાથે વાતચીતમાં કહ્યું હતું કે, બે વખત ડીએનએ ટેસ્ટ લેવામાં આવ્યા હતા પરંતુ તેમના ભાઈ અંગે કોઈ માહિત આપવામાં આવી નથી. મૃતકના ભાઈએ કહ્યું હતું કે, અમને માહિતી મળી હતી કે, આતંકવાદીઓએ તમામનું અપહરણ કરી લીધું છે. ત્યારબાદ કોઈ માહિતી મળી રહી ન હતી. વિદેશરાજ્યમંત્રી વીકે સિંહે નિવેદન કરતા કહ્યું છે કે, દરેક ચીજમાં સમય લાગે છે. સુષ્મા સ્વરાજે પહેલા જ કહ્યું હતું કે, જ્યાં સુધી નક્કર પુરાવા નહીં મળે ત્યાં સુધી અપહરણ કરાયેલા ભારતીયોને મૃત જાહેર કરાશે નહીં. વીકે સિંહે કહ્યું હતું કે, સુષ્માએ વચન પાળ્યું છે. કોઈને ગેરમાર્ગે દોરવામાં આવ્યા નથી. ઈરાકના મોસુલમાં માર્યા ગયેલા મજિન્દરસિંહના પરિવારના સભ્યોએ કહ્યું છે કે, અમારા માટે ખુબ જ આઘાતજનક સમાચાર છે. મજિન્દરની બહેન ગુરપીન્દર કૌરે કહ્યું હતું કે, છેલ્લા ચાર વર્ષથી વિદેશ મંત્રાલય દ્વારા કહેવામાં આવી રહ્યું હતું કે, તેઓ જીવિત છે પરંતુ કોઈ નક્કર માહિતી મળી રહી ન હતી. પતિ દેવેન્દરસિંહની મોત અંગે પત્નિ મનજીતે કહ્યું હતું કે, તેના પતિ ૨૦૧૧માં ઈરાક ગયા હતા. ૧૫મી જૂન ૨૦૧૪ના દિવસે છેલ્લી વખત વાત થઈ હતી.

જલંધરની નિવાસી અન્ય મૃતક સુરજીતકુમાર મેનકાની પત્નિએ કહ્યું હતું કે, તેના પતિ ૨૦૧૩માં

● અનુસંધાન પાન-૭ પર

# લોકસભામાં વિપક્ષનો ભારે હોબાળો

**ભારતીયોના મોતના મામલે સંવેદનશીલતા જાળવવાની અપીલની અવગણના : સુમિત્રા મહાજન ભાવુક બન્યા : ઇરાકમાં ભારતીયો અંગે સુષ્મા નિવેદન ન કરી શક્યા : વિરોધ પક્ષોએ ધમાલ જારી રાખી**

નવીદિલ્હી, તા. ૨૦

લોકસભામાં આજે પણ ભારે ધાંધલ ધમાલ જારી રહી હતી જેના લીધે વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ ઈરાકમાં માર્યા ગયેલા ભારતીયોના સંદર્ભમાં પોતાનું નિવેદન પૂર્ણ કરી શક્યા ન હતા. વિરોધ પક્ષોએ નારેબાજી અને પ્રદર્શન કર્યા બાદ લોકસભાના અધ્યક્ષ સુમિત્રા મહાજન પણ ભાવનાશીલ દેખાયા હતા. ૩૯ ભારતીયોના મોતની વાત થઈ રહી છે. સંવેદનશીલતા જાળવવામાં આવે તે જરૂરી છે. જો કે, વિપક્ષને આની કોઈ અસર થઈ ન હતી. ભારે ધાંધલ ધમાલ વચ્ચે લોકસભાની કાર્યવાહી દિવસભર માટે મોકૂફ કરી દેવામાં આવી હતી. રાજ્યસભામાં સુષ્મા સ્વરાજે ૩૯ ભારતીયોના મોત અંગે માહિતી આપી હતી. લોકસભામાં નિવેદન વાંચી શક્યા ન હતા. સુમિત્રા મહાજન દુખી દેખાયા હતા. વિપક્ષી સભ્યોને સમજાવવાના પ્રયાસ પણ કર્યા હતા. રાજનીતિ ન કરવા માટે અપીલ પણ કરી હતી.

ઈરાકના મોસુલમાં ૩૯ ભારતીયોના મોત અંગે નિવેદન કરવા લોકસભા અધ્યક્ષ પાસેથી

● અનુસંધાન પાન-૭ પર

# મોદી શુક્રવારે સાંસદોના ક્લાસ લેવાના મૂડમાં

**ભાજપની નવી ઓફિસમાં સંસદીય દળની મહત્વપૂર્ણ બેઠક : તમામ સાંસદોને હાજર રહેવા માટે ખાસ સૂચના : નરેન્દ્ર મોદી અને અમિત શાહની ઉપસ્થિતિમાં યોજાનારી બેઠકમાં આગામી ચૂંટણી પર રણનીતિ બનશે**

નવી દિલ્હી,તા. ૨૦

ગોરખપુર અને ફુલપુર લોકસભાની પેટાચૂંટણીમાં કારમી હાર થયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભાજપની સૌથી મોટી બેઠક શુક્રવારના દિવસે બોલાવી છે. દીયદયાલ ઉપાધ્યાય માર્ગ સ્થિત નવી ઓફિસમાં આ બેઠક બોલાવવામાં આવી છે. જેમાં તમામ પ્રધાનોને હાજર રહેવા માટે આદેશ કરવામાં આવ્યો છે. મોદી પોતે આ બેઠકનુ નેતૃત્વ કરનાર છે. આ ગાળા દરમિયાન તેઓ પ્રધાનોને લોકોની વચ્ચે જઈને કામ કરવા અને સરકારની યોજના અંગે માહિતી આપવા તમામ પ્રધાનોને સુચના આપી શકે છે. સામાન્ય રીતે સંસદ ચાલે છે ત્યારે સંસદીય દળની બેઠક દરેક મંગળવારે સંસદમાં યોજાય છે. પરંતુ આ બેઠક ખાસ બેઠક રહેનાર છે. બેઠક ઉપયોગી પણ છે. કારણ કે તેમાં આગામી વિધાનસભાની ચૂંટણી ઉપરાંત અન્ય તમામ પાસા પર ચર્ચા કરવામાં આવનાર છે. પાર્ટી તરફથી ખાસ સુચના તમામને હાજર રહેવા માટે આપવામાં આવી છે. પાર્ટી પ્રમુખ અમિત શાહ પણ હાજરી આપનાર છે. ફુલપુર અને ગોરખપુરમાં હાર થયા બાદ આ પ્રથમ બેઠક છે. આ હારના કારણે ભાજપને મોટો ફટકો પડ્યો છે. યોગી સરકાર એક વર્ષ સત્તામાં પૂર્ણ કર્યા બાદ ઉજવણી કરી રહી છે ત્યારે આ નિરાશાજનક સમાચાર આવ્યા છે.

અમિત શાહે કહ્યુ છે કે પેટાચૂંટણીમાં હાર બાદ તેના કારણોમાં તપાસ કરવામાં આવનાર છે. મોદી દેશની રાજકીય સ્થિતી મામલે ફિડબેક પણ લઈ શકે છે. બજેટ સત્રનો બીજો તબક્કો હાલમાં ભારે ધાંધલના કારણે ખોરવાયેલો છે. વિધાનસભાની ચૂંટણીની સાથે સાથે અન્ય મુદ્દાઓ ઉપર પણ ચર્ચા થશે. ફુલપુર અને ગોરખપુરમાં હાર થયા બાદ ભાજપના સભ્યો ખુબ જ સાવધાન થઈ ગયા છે.

# કેજરીવાલની માફી સ્વીકારવા અરૂણ જેટલીનો સાફ ઈન્કાર

**જેટલી સમાધાનના મૂડમાં દેખાઈ રહ્યા નથી**



નવીદિલ્હી, તા. ૨૦

માનહાનિના અનેક કેસોનો સામનો કરી રહેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને મોટો ફટકો પડ્યો છે. કારણ કે, ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીએ કેજરીવાલની માફી સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો છે. કેજરીવાલે માફીનામાના પ્રસ્તાવને ફગાવી દીધો છે. નાણામંત્રી હાલમાં સમાધાનના મૂડમાં દેખાઈ રહ્યા નથી. તેમણે કહ્યું છે કે જ્યાં સુધી આમ આદમી પાર્ટીના અન્ય નેતા આશુતોષ, રાઘવ ચઢ્ઢા અને સંજય સિંહ માફી નહીં માંગે ત્યાં સુધી કેજરીવાલની માફ સ્વીકારશે નહીં. જેટલીએ દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના પાંચ નેતાઓ સામે માનહાનિનો કેસ દાખલ કર્યો છે. કેજરીવાલે આક્ષેપ કર્યો હતો કે, જેટલીના ડીડીસીએના શાસનકાળમાં વ્યાપક ભ્રષ્ટાચાર થયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કેન્દ્રીયમંત્રી નીતિન ગડકરી, કોંગ્રેસના વરિષ્ઠ નેતા કપિલ સિબ્બલ અને તેમના પુત્ર અમિત સિબ્બલની પણ હાલમાં માફી માંગી લીધી છે. કેજરીવાલ અને નીતિન ગડકરીએ ગઈકાલે પટિયાલા હાઉસકોર્ટમાં સંયુક્ત અરજી કરી હતી અને બદનક્ષીના કેસને પરત ખેંચવાની મંજુરી માંગી હતી. દિલ્હીના મુખ્યમંત્રીએ ડ્રગ્સના કેસમાં તેમની સંડોવણીના આક્ષેપો કરવાના સંદર્ભમાં અકાળીદળના નેતા વિક્રમજીત મજેઠિયાની માફી માંગ્યાના એક દિવસ બાદ આ ઘટનાક્રમ આવ્યો હતો. કેજરીવાલે ગડકરીને પત્ર લખીને વાંધાજનક નિવેદન કરવા બદલ માફી માંગી હતી. દિલ્હીના મુખ્યમંત્રીએ કપિલ સિબ્બલની પણ માફી માંગી લીધી હતી. ૨૦૧૪માં દિલ્હીના મુખ્યમંત્રીએ ગડકરી સામે બદનક્ષીપૂર્વકના આક્ષેપો કર્યા હતા ત્યારબાદ ભાજપના નેતાએ તેમની સામે ક્રિમિનલ બદનક્ષીનો કેસ દાખલ કર્યો હતો. ત્યારબાદથી કેજરીવાલ મુશ્કેલીમાં મુકાયા હતા. કાયદાકીય મુશ્કેલીનો સામનો કરી રહ્યા હતા.

# પાકના ૫૦૩ નાગરિકોને ભારતે અજમેર આવવાના વીઝા ન આપ્યા

**ભારતે વિઝા ન આપતાં પાકિસ્તાને નારાજગી વ્યક્ત કરી**

ન્યુ દિલ્હી, તા.૨૦

ભારતે પાકિસ્તાનના પાંચસોથી વધુ નાગરિકને અજમેરના ખ્વાજા મોઈનુદ્દીન ચિસ્તીની દરગાહ પર જવાના વીઝા નહિ આપતા ઈસ્લામાબાદે તે અંગે નારાજગી વ્યક્ત કરી હતી. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૯૭૪માં થયેલા કરારમાં એકબીજાના દેશમાંના ધાર્મિક સ્થળની વાર્ષિક યાત્રા કે ઉર્સ માટે નાગરિકોને વીઝા આપવાની જોગવાઈ છે.

તેણે જણાવ્યું હતું કે અજમેરના હજરત ખ્વાજા મોઈનુદ્દીન ચિસ્તીની દરગાહ ખાતે ૨૦૧૮ની ૧૯મીથી ૨૯મી માર્ચ સુધી યોજાનારા ઉર્સમાં જવા પાકિસ્તાનના ૫૦૩ ઝૈરીન (યાત્રાળુ)ને ભારતે વીઝા નથી આપ્યા. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ભારતે વીઝા નહિ આપતા પાકિસ્તાનીઓ અજમેરમાંના ઉર્સમાં જઈ નથી શક્યા.

અગાઉ, ભારતે દિલ્હીમાં હજરત ખ્વાજા નિઝામુદ્દીન ઓલિયાના ૧લીથી ૮મી જાન્યુઆરી સુધી યોજાયેલા ઉર્સમાં ભાગ લેવા માટે ૧૯૨ પાકિસ્તાનીને વીઝા નહોતા આપ્યા.

# પેપર બૅલટ તરફ પાછા વળવાનું પગલું અધોગામી : ટી. એસ. કૃષ્ણમૂર્તિ

હૈદરાબાદ,તા.૨૦

ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર ટી એસ કૃષ્ણમૂર્તિએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ઈવીએમનો ઉપયોગ અત્યંત વિશ્વસનીય છે. પેપર બૅલટ તરફ પાછા વળવાની પદ્ધતિ અપનાવવાનું પગલું અધોગામી છે. આ પદ્ધતિમાં ઘણી ગેરરીતિઓ આચરવાની શંકા છે. આને પરિણામે કાગળનો વેડફાટ થાય છે. અને પરિણામોની જાહેરાતમાં વિલંબ થાય છે.

ઈવીએમને દેશના ગૌરવ અને અત્યંત વિશ્ર્વસનીય લેખાવતાં તેમણે વધુમાં જણાવ્યું કે કમનસીબે કેટલાક રાજકીય પક્ષો પેપર બૅલટની પદ્ધતિ ફરી દાખલ કરવાનું જણાવી રહ્યા છે. કેટલાક રાજકીય પક્ષો ચૂંટણીમાં સારો દેખાવ કરી શક્યા ન હોવાનો અર્થ એવો નથી કે મશીન ખરાબ છે. એટલે મારા મતે મશીન પાછા ખેંચી લેવાનું પગલું અધોગામી અથવા પીછેહઠ કરવા જેવું છે.

ઈવીએમ મશીનો સંપૂર્ણપણે વિશ્વસનીય છે. તેમણે કહ્યું કે પેપર બૅલટ સિસ્ટમને કારણે પરિણામોની જાહેરાત માટે એક અઠવાડિયું લાગે.

## ઠંડીની આડમાં ચીને દક્ષિણ ડોકલામમાં નવા રસ્તા બાંધ્યા

ન્યુ દિલ્હી,તા.૨૦

ડોકલામમાં ચીન અને ભારતીય સૈનિકો વચ્ચે ઉભો થયેલો વિવાદ શાંત પડ્યા બાદ પણ ચીનના સૈનિકો કડકડતી ઠંડીમાં પણ યથાવત રહ્યાં હતા તેનું એક ખાસ કારણ હતું. આ કારણ છેક હવે બહાર આવ્યું છે. ચીની સૈનિકો ઠંડીમાં અહીં રોકાઈને નવા રસ્તાઓ બનાવી રહ્યાં હતાં જેથી દક્ષિણ ડોકલામ સુધી પહોંચી શકાય.

ડોકલામમાં થઈ રહેલી ચીની સૈનિકોની આગેકૂચ ભારત માટે સુરક્ષાને લઈને ગંભીર પરિણામો નોતરનારી સાબિત થઈ શકે છે. ગત વર્ષે જૂન મહિનામાં ચીનના સૈનિકો ડોકલામમાં માર્ગ નિર્માણ કરી રહ્યાં હતાં, જેમને ભારતીય સૈનિકોએ અટકાવ્યા હતાં. જેને લઈને બંને દેશોના સૈનિકો આમને-સામને આવી ગયાં હતાં અને બંને દેશો વચ્ચે પણ તણાવ ઉભો થયો હતો.

માર્ચ થી દિવાળી સુધી By Air કપલ/ફેમિલિ/LTC પ્રવાસો.

લેહ-લદાખ-નુબ્રાવેલી-પેંગોગ | આંદામાન-હેવલોક/નીલ આઇલેન્ડ
ભુતાન-પારો-થિમ્પુ-પુનાખા | બદ્રીનાથ-કેદારનાથ-ગંગોત્રી-યમુનોત્રી
ગંગટોક-લાચુંગ-પેલીંગ-દાર્જીલીંગ | કાઠમંડુ-ચિતવન-પોખરાવેલી
કાશ્મીર-પહેલગામ-ગુલમર્ગ-સોનમર્ગ | નૈનિતાલ-કોર્બેટ/મસૂરી-હરિદ્વાર
સિમલા-મનાલી-ડેલહાઉસી-અમૃતસર | મુન્નાર-થેકડી-કોવાલમ-કન્યાકુમારી

નૂતન ટ્રાવેલ્સ Since 1951 ઓ.:૩૦૭, કરીશ્મા કોમ્પ્લેક્ષ, સ્ટેડીયમ સર્કલ, સી.જી. રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯.
Ph.: 079-26562322/24/25 M.: 9427455274,9408643756,9898023955
E-mail : info@nutantravels.com / nutantravels@gmail.com

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

SWIGGY FOOD DELIVERY APP ફુડ ડિલિવરી
WALK IN INTERVIEW
Gandhinagar & Ahmedabad
March 20 to 25 • સવારે ૯ થી સાંજે ૬
જોઈએ છે ફુલટાઈમ / પાર્ટટાઈમ પીકઅપ અને ડિલિવરી પાર્ટનર્સ / ડિલિવરી એક્ઝીક્યુટીવ
+ ₹ 1 LAC મેડિકલ ઈન્સ્યોરન્સ (ફેમીલી સાથે) ₹ 5 LAC એક્સિડેન્ટ ઈન્સ્યોરન્સ (અલગથી)
ઉંમર ૧૮ વર્ષ અને વધુ • વાહન • એન્ડ્રોઈડ મોબાઈલ (4.4.2) આધાર • પાન કાર્ડ ડ્રાઈવીંગ લાઈસન્સ • RC બુક જરૂરી
માસિક વેતન ૧૮,૦૦૦/- થી ૨૫,૦૦૦/- દર અઠવાડિયે અને મહિને ઈન્સેન્ટીવ
SWIGGY SNO Office to એ/૪૩૨ - ૪૩૪, ચોથો માળ. સુપર મોલ-૧, ઈન્ફોસીટી કોમ્પલેક્ષ, સેકટર-૧, ગાંધીનગર
બી-૩૦૪, વોલ સ્ટ્રીટ-૨, ગુજરાત કોલેજ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ Cont. : 07933685265

LOAN LOAN
MAS FINANCIAL SERVICES LTD. EXCELLENCE THROUGH ENDEAVOURS
The Power of Distribution
યુઝડ વાહન લોન થી ખરીદો | આપના વાહન પર લોન મેળવો



• આસાન શરતો • ઝડપી એપ્રુવલ
ગાંધીનગર : પ્લોટ નં.895, રાધેવુડન અને ઈલેક્ટ્રીકલ્સની ઉપર, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સેકટર-21, ફોન. 7624002404
વધુ માહિતી માટે મિસ્ડ કોલ કરો 079-39827711
માસ ફાયનાન્સિયલ સર્વિસીસ લિમિટેડ
"જે સમજે આપના અમૂલ્ય સ્વપનાઓનું મુલ્ય"
*શરતો લાગુ